# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૬૨ • તા.૧૭ જૂલાઈ થી ૨૩ જૂલાઈ ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને B2B કમિટીના ચેરમેન

## રાજેશભાઈ (રાજેન્દ્ર) મોમાયા કચ્છ શક્તિ એવોર્ડથી સન્માનિત

SAVIOUR®
Performing PPE

Sure Safety
Complete Safety Solutions

# COVID-19 OFFER

SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF

EN 166 | FPSAV-F-SS




**COVID-19 Face Shield**

NIOSH/EN 149-2001 + A1:2009/FFP2 | RPSAV-N95



**N-95 Respirator**

SITRA Approved | BPSAV-VGS



**N-95 Respirator**

EN 166 | EYSAV-CHS-S



**Chemi Splash Small**

*Offer Valid till Stocks last!!! at factory Prices.

## BOOK YOUR ORDER

## DEALERS WANTED

www.suresafety.com

healthcare@suresafety.com | onlinestore@suresafety.com

+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ત્યાગનો મહિમા મોટો

ત્યાગને બીજા અર્થમાં કહીએ તો તપ છે. ત્યાગ એટલે આપણું પોતાનું કોઈને અર્પણ કરવું. રાજી ખુશી અને આનંદિત થઈને આપણું સુખ ભોગ કે સમૃદ્ધિમાંથી એક નાનકડો ટુકડો આપીએ તો એ ત્યાગ છે. સર્મપણ છે. જે કઈ દાન પુણ્ય કરતાં અનેક રીતે ચડિયાતો હોય છે.

ત્યાગ એટલે તજવું. આપણે આપણને વ્હાલી હોય, અતિ પ્રિય હોય એ ચીજ કે વસ્તુ કે ભૌતિક પદાર્થ કોઈને અર્પણ કરવું, આપી દેવું એ ખરે ખર ઉત્તમ પુણ્ય છે. જીવનમાં ત્યાગનું કે છોડવાનું અતિ મહત્વ છે. પણ એ આનંદ સાથે કરાયો હોય તો મજબૂરીથી કે નારાજગીથી કરાયેલા ત્યાગ ભાવનાશીલ, લાગણીશીલ નથી હો તો. વસ્તુની પ્રાપ્તિથી આપણે આનંદ અનુભવીએ છીએ એ આનંદ આપણે કોઈ ચીજ વસ્તુને ત્યાગ કરતી વેળાએ અનુભવી શકીએ તોજ સાર્થક થઈ શકે. આપણું હતું તેનો અભાવ આપણે માણીએ સ્વખુશીથી અને સ્વાનંદથી તો જ ત્યાગની યર્થાથતા ગણાય. જે વસ્તુ આપણી પહોંચની બાહર હોય આપણી ગજા ઉપરાંત હોય તેની પ્રત્યે ત્યાગનો ભાવ રાખીએ એ છલના છે. બધુ છોડીને ભાગી જવું કે દુન્યવી સુખોને છોડી દેવાથી માત્ર ત્યાગ સધાતો નથી.

સંસાર છોડી દઈએ બધાનો ત્યાગ કરી દઈએ પરંતુ મન, મગજમાં સંસાર ભર્યો હોય તો તે ત્યાગની કોઈ કિંમત નથી. મનથી સંસારને છોડી દેવાનું, સમર્પણ ભાવથી ત્યાગ કરવું કઠિન છે. સાધુ જીવન સ્વીકારવું આસાન છે. પણ મનથી સંસાર તજવું કઠિન તપ છે. એક સંસાર છોડ્યા પછી સાધુતાનો વૈભવી આલમ રચાઈ જાય એ પણ સર્વથા નિંદનીય છે. આપણી સમજ છે કે સુખી અને શ્રીમંત વ્યક્તિ જ દાવ કરી શકે, આપી શકે. આમ ત્યાગ માત્ર તાલેવંત વ્યક્તિઓ કરે એવું આપણું માનવું છે. પણ હકીકતમાં તો દરેક માણસ, નાનો હોય કે મોટો, હીન હોય કે અમીર સૌ કોઈ પોતાની પાસે રહેલ શક્તિ અને સાધનો ના પ્રમાણમાં ત્યાગ કરી પોતાનો અવતાર દિપાવી શકે છે. માત્ર લાખ રૂપિયા ઉડાડવાથી ત્યાગનો મહિમા થતો નથી. ભૂખ્યો ગરીબ માણસ પોતાને માંડ માંડ મળેલી રોટલીમાંથી એક ટુકડો પણ બીજાને ત્યાગ કરૂણા અને દયા ભાવથી આપે તો એ ઉચ્ચ પ્રકારનો ત્યાગ છે. આમ જોઈતો ઉદાર માણસોજ ત્યાગ કરી શકે. કૃપણ, લોભી લાલચુ માણસોતો પોતાની જરૂરતની તો શું તેમની પાસે પડેલી નિરર્થક નકામી કે ફાજલ વસ્તુઓ પણ છોડી શકતા નથી. એમને તો કેવળ લેવામાં સંગ્રહ કરવામાં રસ હોય છે. છોડી દેવામાં નહીં.

ત્યાગ સાથે દયા અને ઉદાર ભાવ હોય તો જ તેની સાર્થકતા થાય. ત્યાગ એ તપશ્ચર્યા છે. એ અર્થ ભાવથી આપણે લઈએ તો ત્યાગનો આનંદ, તેમાં રહેલા સુખનો ભાવ જરૂર માણી શકીએ. જીવનમાં જે મળેલુ છે. તે માણવું હર્ષપૂર્વક સ્વીકારવું આનંદપૂર્વક પસાર કરવું તેનો મર્મ સમજી તેને જીવવું એ સાર્થક જીવનની સફળતા છે. એટલે જ જ્ઞાનીઓ એ કહ્યુ છે. 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના'. અલિપ્ત ભાવ, અનુરાગ દિન રહી કોઈ સુખ, સમૃદ્ધિનો સંતોષ સાથે છોડીએ એ જ ત્યાગ છે. મહા તપ છે.

– જય જ્ઞાતિમૈયા

# લોકોનું કામ ટીકા-ટિપ્પણીનું છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વ્યક્તિ માત્ર એ પોતાના કામમાં, પોતાને સોંપાયેલી કાર્યવાહીમાં ધ્યાન આપી. ગુલતાન રહીને એને અંજામ આપવો જોઈએ. એ માટેની ટીકા ટિપ્પણી કરવાના અધિકારી આપણાથી સિનિયર હોય એ કરી શકે છે. સહયોગી કાર્યકર કે અન્ય આજુબાજુના લોકો ટીકા કે પ્રશંસા કરે તો પણ એ પ્રત્યે ધ્યાન ન આપવું જોઈએ. આપણું ધ્યાન એ કાર્ય ઉતમોતમ રીતે પૂર્ણ થાય એ તરફ હોવું જોઈએ. પોતાની વ્યક્તિગત કલા કૌશલ, ઉચ્ચ રીત ભાત અને આવડત તથા અનુભવનો નિચોડ એ કામ પ્રત્યે રેડી દેવું જોઈએ. પછી પરિણામની ચિંતા કે ફિકર ન કરવી જોઈએ. જેની શરૂઆત સારી તેનો અંત સારો અને જેનો અંત સારો તેનો પરિણામ સારો એ ઉક્તિ પર વિશ્વાસ ધરાવી નાહક ચિંતા કે ફિકર કરવી ન જોઈએ.

આજે જમાનો સ્પર્ધાનો છે. ગળા કાપ હરિફાઈનો છે. એ પ્રત્યે ગાફેલ ન રહેવાય. આપણા પ્રયત્નો પૂરેપૂરા અને સંપૂર્ણતા ભર્યા હોવા જોઈએ. એમાં ઢીલાશ, કચાશ કે કોઈપણ પ્રકારની અવઢવ ન રહેવી જોઈએ. અન્યના વિચારોને એમાં સ્થાન ન હોવું જોઈએ. આપણી કૃતિમાં આપણી કાબેલિયત છલકવી જોઈએ તો જ એનો ખરો પ્રતિસાદ સામેવાળા પાસેથી મળે.

કામ કર્યા પછી તેના ફિડબેક નેગેટિવ મળે કે પોઝિટિવ. તે પ્રત્યે એક ચિતથી ગણકારવું ન જોઈએ. સારી ટિપ્પણી હોય તો એ ભલે ને નરસી હોય તોય ભલે, આપણા મન પર એ હાવી ન થવી જોઈએ કે ન તો તેની પ્રશંસાથી આપણે ફૂલી જવું જોઈએ. હંમેશા પોતાના કામ પર મન લગાવીને ધ્યાન કેન્દ્રિત કરો. સારો મૂર્તિકાર મશગુલ બનીને પથ્થરમાંથી ખંતપૂર્વક પ્રતિમા સર્જતો હોય છે. તે વખતે આવતા જતા તેના કાર્ય પર ધ્યાન આપતા રાહદારીઓ કે જે ઘડીભર રસ્તામાં આવતા જતા થંભીને તેનું કાર્ય જુએ છે. એમની ટીકા-ટિપ્પણીને મન પર લઈને ધ્યાન ભંગ ન કરવું જોઈએ. કારણ કે લોકોનું કામ અન્યના કામ કે કલા ને જોઈએ તેમના પ્રતિભાવનું કામ છે જે એ વફાદારીથી કરે છે ત્યારે આપણું કામ એમના પ્રતિભાવોથી ઝાંખા પડી ન જવાય એ જોવાનું છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને B2B કમિટીના ચેરમેન રાજેશભાઈ (રાજેન્દ્ર)મોમાયા કચ્છ શક્તિ એવોર્ડથી સન્માનિત

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનના ટ્રસ્ટી અને B2B કમિટીના ચેરમેન શ્રી રાજેશભાઈ (રાજેન્દ્ર) મોમાયા સાંયરા-ચેન્નાઈને તા.૧૧ જુલાઈ રવિવારના કચ્છ શક્તિ સમાજ સેવાના એવોર્ડથી સન્માનિત કરાયા.



સમાજ સેવા ક્ષેત્રે ચેન્નઈના બેટર લાઈફ ગ્રુપ, કચ્છી મિલન ચેન્નઈ, કેડીઓ મહાજન ચેન્નઈ, બિઝનેસ સર્કલ ઉપરાંત સમસ્ત મહાજન દ્વારા સેવાકાર્યો સાથે સંકળાયેલા છે. છેલ્લા ત્રણ વર્ષથી બીટબી કમિટીના ચેરમેન તરીકે સોશ્યલ મીડિયા અને ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી સમાજમાં ઈન્ટરલી બિઝનેસનો વ્યાપ વધારવામાં સફળ રહ્યાં છે. તેઓ કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન ચેન્નઈના સેક્રેટરી જેમ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઈન્ડિયા તથા ચેન્નઈ જ્વેલરી એસોસિએશન અને મદ્રાસ ડાયમન્ડ મર્ચન્ટ એસોસિએશનના મેમ્બર છે. તેઓને મળેલ સન્માન બદલ હાર્દિક અભિનંદન.

શુભ ડાયમન્ડના ઓનર રાજેશભાઈ મોમાયા રિયલ ડાયમન્ડ જ્વેલરી ક્ષેત્રે ડાયમન્ડ ડિઝાઈનિંગ, ક્વોલિટી અને પર્ફેક્શનને લીધે અવ્વલ જ્વેલર, મેન્યુફેક્ચરર અને સપ્લાયર તરીકે પોતાના કસ્ટમર્સમાં વિશ્વાસપાત્ર રહ્યા છે. ફુલ્લી





ડાયમન્ડ સર્ટિફાઈડ એન્ડ હોલમાર્ક જ્વેલરી દ્વારા પ્રમાણિત સર્ટિફાઈડ જ્વેલરી માટે શુભ ડાયમન્ડની ગણના ટોપના મેન્યુફેક્ચરર તેમજ સપ્લાયર તરીકેની છે. સાઉથમાં જેનું ચલણ છે એવી EF અને VVS ક્વોલિટી સહિતનો રિયલ ડાયમન્ડનો હેન્ડમેડ જ્વેલરી તેમજ સાઉથની ઑથેન્ટિક જ્વેલરી તેમનો સ્પેશ્યિલિટી છે. સાઉથનો મોટા ભાગની માર્કેટ ઉપરાંત શુભ ડાયમન્ડની મેન્યુફેક્ચર કરેલી રિયલ ડાયમન્ડ જ્વેલરી ભારતભરમાં અને ઈન્ટરનેશનલ માર્કેટના મેઈન સ્ટોર્સમાં સપ્લાય થાય છે. કાર્યદક્ષ ડિઝાઈનર ટીમ અને કેડકેમ ટેકનોલોજીની મદદથી તેઓ કન્ટેમ્પરરી ડિઝાઈનો તૈયાર કરવામાં પણ માહેર છે. તેમના મેન્યુફેક્ચરિંગ યુનિટ મુંબઈ, બેન્ગલોર અને ચેન્નાઈમાં છે.

તેમનું બાળપણ કચ્છના સાંયેરામાં વીત્યું અને ૧૯૭૯ની સાલમાં રાજેશભાઈનો પરિવાર સાંયેરાની ધરતી છોડી ચેન્નઈ આવી વસ્યો અને રાજેશભાઈએ ચેન્નઈને જ કર્મભૂમિ બનાવી દીધી. ચેન્નઈની ટોપ મોસ્ટ જ્વેલરી બ્રૅન્ડ સાથે સતત ૧૮ વર્ષ કામ કર્યું. બહોળા અનુભવની ગઠરી બાંધ્યા બાદ ૧૪ વર્ષ પહેલાં તેમણે શુભ ડાયમન્ડ બ્રેન્ડ શરૂ કરી. માતા સરલાબહેનના ધાર્મિક સંસ્કારો, ખુદનું મનોબળ, બહેનોનું પીઠબળ અને પત્ની તેમજ પુત્રના સહકારથી તેઓ દરેક વિકટ પરિસ્થિતિમાં આગળ વધતા રહ્યાં. એમાં તેમને અનુભવી અને મહેનતુ સ્ટાફ તેમ જ કારીગરોનો પણ સહકાર મળતો રહ્યો અન તેઓ પ્રગતિના સોપાન સર કરતા ગયા.

# શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને B2B કમિટીના ચેરમેન રાજેશભાઈ (રાજેન્દ્ર)મોમાયા કચ્છ શક્તિ એવોર્ડથી સન્માનિત






ધીમે-ધીમે લોકોનો સંપર્ક વધતો ગયો. ધંધાનો સાથોસાથ મૂળભૂત સ્વભાવ મુજબ રાજેશભાઈએ સામાજિક કાર્યોમાં પણ રસ લેવા માંડ્યો એટલે વ્યવસાયના વિસ્તાર સાથે સમાજસેવાનો વ્યાપ પણ વધ્યો. ચેન્નઈમાં બેટરલાઈફ ગ્રુપ, કચ્છી મિલન ચેન્નઈ, કેડીઓ મહાજન ચેન્નઈ અને બિઝનેસ સર્કલનો સાથ મેળવી સમાજસેવા કરતા ગયા.

રાજેશભાઈ ઈન્ડિયા લેવલની કેડીઓ બીટૂબી કમિટીના ચેરમેન છે. ઈન્ડિયા લેવલ પર પ્રવૃત્ત આ કેડીઓ બીટુબી કમિટી છેલ્લાં ત્રણ વર્ષમાં સોશ્યલ મીડિયા તેમજ ટેકનોલૉજીના માધ્યમથી સમાજમાં લગભગ ૨૫ ટકા જેટલો ઈન્ટરલી બિઝનેસનો વ્યાપ વધારવામાં સફળ રહી છે. આ કમિટીના નેજા હેઠળ સાઉથ ઉપરાંત છેલ્લાં પાંચ વર્ષથી રાજેશભાઈનું સોશ્યલ વર્ક ઈન્ડિયા લેવલ પર વિકસ્યું છે. તેઓ કેડીઓ જૈન જ્ઞાતિ સમસ્ત મહાજનના ટ્રસ્ટી, કેડીઓ જૈન જ્ઞાતિ ચેન્નઈ મહાજનના સેક્રેટરી, જેમ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઈન્ડિયા, ચેન્નઈ જ્વેલરી અસોસિએશન તેમજ મદ્રાસ ડાયમન્ડ મર્ચન્ટ અસોસિએશનના મેમ્બર છે.

તેમના પરિવારમાં તેમના બહેન નીલમ અને મીનલ અત્યંત તેજસ્વી અને કર્મનિષ્ઠ છે. બહેન નીલમ દ્વારા ૪૦ વર્ષથી ચાલતો નીલમ્સ મેકઓવર સ્ટુડિયો ભારતભરમાં આગવું સ્થાન પામ્યા છે. બહેન જયશ્રીએ જૈન જ્ઞાતિમાં સૌપ્રથમ પંચ પ્રતિક્રમણ ઓડિયો સી.ડી.નું રેકોર્ડિંગ કર્યું છે. બહેન નીલમ, ભાવના, હિના, મીનલ તેમ જ પત્ની અનુપમાએ એક્સક્લુઝિવ બ્રાઈડલ મેકઅપમાં વર્ષ ૨૦૦૩માં એશિયા પૅસિફિક અને નૅશનલ અવોર્ડ મેળવી પરિવાર તેમજ જ્ઞાતિનું ગૌરવ વધાર્યું.

અષાઢી બીજની શુભેચ્છા પાઠવતા રાજેશભાઈ કહે છે, 'શ્રી શંખેશ્વર દાદાની અસીમ કૃપાઆશિષથી જ હું આ સ્તર પર પહોંચી શક્યો છું. માતૃભૂમિ કચ્છની સંસ્કૃતિ અને પૂર્વજોની ધરોહર માટ મને ગૌરવ છે. ભાવિ પેઢીને સંદેશ આપવા ઈચ્છું છું કે સ્વની સાથે સમાજના ઉત્થાન માટે પણ કાર્યરત થાઓ. કચ્છશક્તિને વધુ શક્તિશાળી અને સમૃદ્ધ બનાવો.'

રાજેશ (રાજેન્દ્ર) મોમાયા એવી તેજસ્વી વ્યક્તિ છે જેમણે સાહસ, લગન અને અથાગ મહેનતથી સમાજમાં પોતાનું આગવું વ્યક્તિત્વ નિખાર્યું છે. ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીના કોઠાસૂઝવાળા કારોબારી તરીકેનો ઓળખ ઊભી કરનારા તેઓ ઉમદા સમાજસેવક છે અને અવ્વલ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી પણ કરી જાણે છે.

# ૫૦મી પૂણ્યતિથિએ ભાવપૂર્ણ પૂષ્પાંજલિ



# સ્વ.શ્રી મણિલાલ ટોકરશી ખોના (મેવા દલાલ)

## ૫૦મી પૂણ્યતિથિ

**(મૃત્યુ તિથિ - તા.૧૯ જુલાઈ ૧૯૭૧)**

**રક્તમાં વણાયેલી, દિલમાં સમાયેલી આપની સ્મૃતિ ખાસ છે,**
**વિરહની વેદના છે, છતાં પળેપળની હાજરીનો અહેસાસ**

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ સનાતન સત્ય હોવા છતાં કેટલા સ્વજનના મૃત્યુ એવા હોય છે જેના ઘાવ રૂઝાતા નથી.... પ્રભુ આપના દિવ્યતમ આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

**માતા-પિતા :** માતુશ્રી બાયાબાઈ ટોકરશી વિશનજી ખોના (સુથરી, મુંબઈ)

**સાસુ-સસરા :** માતુશ્રી દેવકાબાઈ રતનશી ચાંપશી લોડાયા (જખૌ, મુંબઈ-બેંગ્લોર)

**-: શ્રદ્ધાસુમન :-**

માતુશ્રી મીઠીબાઈ મણિલાલ ટોકરશી ખોના પરિવાર (સુથરી, મુલુંડ)
માતુશ્રી મણીબાઈ શામજી ટોકરશી ખોના પરિવાર (સુથરી, મસ્જીદ બંદર)
માતુશ્રી મંજુલાબાઈ શામજી ટોકરશી ખોના પરિવાર (સુથરી, મસ્જીદ બંદર)
અ.સૌ. ગુણવંતીબેન જયંતિલાલ મોમાયા પરિવાર (વરાડીયા, બેંગ્લોર)

**પુત્ર-પુત્રી :** સ્વ.અ.સૌ.સરોજ અને રાજેન્દ્ર મણીલાલ ખોના, રેખા મણીલાલ ખોના, અ.સૌ. હેમલતા અને અશ્વિન મણીલાલ ખોના
અ.સૌ. દર્શના ચંદ્રસેન શામજી દંડ (સુથરી, મુલુંડ)

**પૌત્રી :** સૌ. કિન્નરી સંકેત પ્રતાપ ધરમશી (સુથરી, મુલુંડ), સૌ. ચાંદની અતુલ સુબોધ લોડાયા (સુથરી, સુરત), સૌ.ડૉ.કાદંબરી અંકિત ખોના(જખૌ, વાપી)

**દોહિત્રીઓ :** અ.સૌ. પ્રિયંકા રાહેન કાકડીયા (અમદાવાદ, યુએસએ), ચિ. અદિતી (ઓસ્ટ્રેલિયા)

**વેવાઈ-વેવાણ :** માતુશ્રી પ્રેમિલાબાઈ વેલજી કેશવજી દંડ (ભરૂડીયા, સોલાપુર), માતુશ્રી ધનબાઈ લાલજી પદમશી ધરમશી (સુથરી, થાના), માતુશ્રી ઝવેરીબાઈ શામજી ખીયશી દંડ (સુથરી, મુલુંડ), માતુશ્રી મધુરીબેન પ્રતાપ કલ્યાણજી ધરમશી (સુથરી, મુલુંડ), અ.સૌ. દામિનીબેન સુબોધભાઈ રાયચંદ શાહ (લોડાયા) (સુથરી, વાશી), અ.સૌ. પ્રભા કાર્તિક ભવાનજી ખોના (જખૌ, વાપી)

# વર્ધમાન નગરે આચાર્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ થયો

# પ્રભાવનામાં માસ્ક અને સેનેટાઈઝર વિતરણ કરાયા



ભુજ નજીક જૈનોનાં વર્ધમાનનગરે પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ. સા. આદિઠાણા-૨ ચાતુર્માસ પ્રવેશ કરતાં શ્રી વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા સામૈયુ કરવામાં આવેલ.

આ પ્રસંગે પૂ. મુનિરાજશ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિઠાણા તથા પૂ.સા. શ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા. આદિઠાણા પ્રવેશ પ્રસંગે પધારેલ.

પાંચ બાલિકાઓએ નાના બેડાથી તેમજ શ્રાવિકાઓએ ગહુંલીઓથી સ્વાગત કરેલ. ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવેલ. પૂર્વ રાજ્યમંત્રી અને વર્ધમાનનગર ચાતુર્માસ કમિટિના મુખ્ય કન્વીનર શ્રી તારાચંદભાઇ છેડાએ જણાવ્યું હતુ કે, નવ વર્ષ પછી આવો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. અવસરમાં બધા જ તન,મન,ધનથી જોડાઇએ અને મળેલ ચાતુર્માસને દીપાવીએ તપઆરાધનાઓમાં જોડાઇ આપણને મળેલ મનુષ્ય અવતારને સફળ બનાવીએ.

આ પ્રસંગે ચાતુર્માસના મુખ્ય દાતાશ્રી તથા સંપૂર્ણ સાધર્મિક ભક્તિના પુણ્યવંતા લાભાર્થી પરિવાર માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઇ વોરા જામનગર હસ્તે ચિંતલભાઇ અરવિંદભાઇ વોરા, શ્રુતિલ કિશોરભાઇ શાહ, મંથન કિશોરભાઇ શાહ પરિવારનું બહુમાન પૂર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઇ છેડાનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ અને દાતાશ્રીની અંતરની ભાવનાઓની અનુમોદના કરવામાં આવેલ.

પૂ.મુનિરાજ પ્રિયંકરસાગરજી મ.સા., પૂ. મુનિરાજશ્રી કલ્પતરૂસાગરજી મ.સા.એ ચાતુર્માસનો અનેરો મહિમા વર્ણવી સૌને તપઆરાધનાઓમાં જોડાઇ જવા પ્રેરણા પૂરી પાડી હતી.

આ પ્રસંગે કચ્છ જીલ્લા પંચાયત પૂર્વ ઉપપ્રમુખ શ્રી ગીરીશભાઇ છેડા, ભુજ નગર સેવક ધીરેનભાઇ લાલન, વર્ધમાનનગર સરપંચ શ્રીમતિ જયોતિબેન વિકમશી, દાતાશ્રી ચિંતલભાઇ વોરા, ભુજ અચલગચ્છ જૈન સંઘના શ્રી પી.સી. શાહ, હર્ષદભાઇ શાહ, દિપકભાઇ શાહ, રાજુભાઇ શાહ, વર્ધમાનનગર ઓનર્સ એસોસિએશનનાં અધ્યક્ષ રાહુલ મહેતા, હસમુખ વોરા, ધીરજભાઇ પારેખ, અશોકભાઇ મહેતા, દિપકભાઇ મહેતા, લક્ષ્મીચંદ પોલડીયા સહિતનાં આગેવાનો જોડાયા હતા.

વર્ધમાનનગર જૈન સંઘ તરફથી રૂા. ૨૦ નું સંઘપૂજન તથા શ્રી ક.વી.ઓ. જૈન મહાજન શ્રી ભુજ દ્વારા દરેકને માસ્ક તથા સેનેટાઇઝર વિતરણ કરવામાં આવેલ.કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે આભાર દર્શન દિપક લાલને કરેલ.

વ્યવસ્થામાં સહકન્વીનર દિપક લાલન, હીરાચંદ છેડા, ભુપેશ શાહ, કલ્પેશ શાહ, દિલીપ મોતા, ગૌતમ શાહ, મહેન્દ્ર લોડાયા, અભય ધરમશી, તુષાર જૈન, દિપેશ શાહ, નીમેશ શાહ, જેયુર શાહ, નીરવ મોતા, દર્શક શાહ, કિરીટ શાહ તથા સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સહકાર આપ્યો હતો.

# શ્રી ક.દ.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ, શ્રીજી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ધુલિયાની નવી વરણી



ભરતકુમાર દંડ

શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ, શ્રીજી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ધુલિયા સંચાલન બોર્ડમાં નવા પદાધિકારીઓની નિમણૂંક થઈ છે જેમાં અધ્યક્ષ પદે મલકાપુરવાળા શેઠશ્રી ભરતકુમાર નરશીભાઈ દંડ અને ઉપાધ્યક્ષપદે દિપકભાઈ પોલડીયાના ભાઈ શ્રી રાજેશભાઈ પોલડીયાની વરણી કરાઈ છે. હમણાંની સંપૂર્ણ ટીમ ખૂબજ ઉત્સાહી છે આશા છે તે આવનારા સમયમાં આ નવી ટીમ બોર્ડિંગમાં મોર્ડનાઈઝેશન લાવશે. જે માટે ખૂબ ખૂબ અભિનંદન.



રાજેશભાઈ પોલડીયા

# કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા પાંજો મેડાવો કાર્યક્રમ યોજી કચ્છી નવું વરસ ઉજવાયું



શ્રી કે.ડી.ઓ. જ્ઞાતિ મહાજન અમદાવાદએ વરસાદી માહોલ અને મોરના ટહુકા સંગે કચ્છી નવા વરસ અવસરે પાંજો મેડાવો કાર્યક્રમ યોજાયો. ૧૦૦૦ થી વધારે ઘટાટોપ વૃક્ષોની વનરાજી અને ૧૫૦ થી વધારે મોર જ્યાં વસે છે એવા કુદરતના સાંનિધ્યમાં ત્રિવેણી ફાર્મ તૈલાવ-સાંણંદ સ્થળે તા.૧૧ જુલાઈ રવિવારના યોજાયો.

અષાઢી બીજ એટલે કચ્છી નવું વરસ. આ સપરમા દિવસે અમદાવાદ મહાજન દ્વારા પાંજો મેડાવો યોજાયો. જેમાં સૌ એક બીજાને હળવા મળવાનો અને મેડાવો કરવાનો મોકો મળે એવો પ્રયાસ આ દ્વારા થયો.



# શ્રી કે.ડી.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગમાં અઢાર અભિષેક સંપન્ન થયા

અષાઢી બીજ કચ્છી નવું વરસ, રવિ પુષ્પ નક્ષત્ર તા.૨૧ જુલાઈ રવિવારના ચતુર્વિધ સંઘ સાથે પ.પૂ.સાધ્વીશ્રી જય દર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ.હેમાંશુ મ.સા.ની પ્રેરણાથી અઢાર અભિષેકનું આયોજન કરાયેલ.

ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. ભાંડુપથી ઉગ્રવિહાર કરી તથા પ.પૂ.સાધ્વીશ્રી વાચમયમાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર ચિરાગભાઈ સંગોઈ અને કલ્પેશભાઈ સાવલાના સથવારે અઢાર અભિષેક અનુષ્ઠાન વિધિ ધર્મ આરાધના કરવામાં આવેલ. આ પાવન પ્રસંગે પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.શ્રી હેમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ગિરનાર પટ્ટ શ્રી ટોકરશી ગોવિંદજી ખોના, સુથરી-કાંજુરમાર્ગ તેમજ અષ્ટપદ પટ્ટ શ્રી કાંતિલાલ ખીમજી ગોસર, બારોઈ-મસ્જિદબંદર દ્વારા દર્શનાથ સંઘને અર્પણ કરવામાં આવેલ.

લાભાર્થી પરિવાર તરફથી સંઘને અર્પણ કરવામાં આવેલ આ પટ્ટના પ્રંસગને ઉજવવા શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગના કમિટી મેમ્બરો તથા કોમ્પલેક્ષ વાસીઓએ જહેમત ઉઠાવી હતી.

# ગોરેગામ અચલગચ્છ સંઘમાં પૂજ્ય મહારાજ સાહેબની ચાતુર્માસે પધરામણી થઈ





તા.૧૩ જુલાઈ મંગળવાર સવારે શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૧નું ચાતુર્માસ પ્રવેશ સંઘના શ્રાવક શ્રાવિકાના ભવ્ય ઉત્સાહ ઉમંગ અને આનંદ ભરી હેલી વચ્ચે થયું.

# શ્રી સાંતાક્રુઝ સંઘમાં પ.પૂ.સા.શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬નો ચાતુર્માસ પ્રવેશ થયો





શ્રી ગુરૂ ગુણ ગુણોદય કલા પ્રભાબ્ધિ સુરિ દેવોની દિવ્યકૃપા, આજ્ઞા આશિષે પ્રર્વતિની પ.પૂ.સાધ્વીશ્રી અરૂણોદયશ્રીજી મ.સા.ના આજીવન ચરણો પાસિકા પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા., આદિ ઠાણા ૬ શ્રી સંઘના વિનંતી સ્વીકાર કરી. અષાઢી બીજ રવિવાર, તા.૧૧ જુલાઈના સલુણી મંગલમય પ્રભાતે ચાતુર્માસ પ્રવેશ કર્યો. પૂજ્યશ્રીનું સામૈયું પ્રભાતે ૫.૧૫ કલાકે સરકારી નિયમોને આધિન કરાયું.

# ભાંડુપ સંઘમાં શ્રી ભક્તામર સંપુટ સાધના તપ આરાધના થઈ





ભાંડુપ નગર સંઘમાં આદિનાથ દાદાની શીતલછાયામાં આધ્યાત્મિક યોગી પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં તા.૧૬ જુલાઈ શુક્રવારના રોજ ભક્તામર સંપૂટ સાધનાની શુભ શરૂઆત થઈ. જેમાં કચ્છી, ગુજરાતી, મારવાડી સહિત કેટલાક અજૈન મળી કુલ્લ ૧૨૬ જણ સ્થાનિકના અને ૨૬ જણ બહારગામના મળી કુલ્લ ૧૫૨ આરાધકો ભાવપૂર્વક તપની શરૂઆત કરી. સંઘ દ્વારા ખૂબ ખૂબ અનુમોદના તપ આરાધકોની.

આરાધનામાં ૧૨૦૦ જેટલા શ્રાવક શ્રાવિકા ઓનલાઈન યુટ્યૂબ માધ્યમથી જોડાયા હતા. આ તપ ૪૪ દિવસ સુધી ચાલશે. પ્રથમ અને અંતિમ દિવસે ઉપવાસ અને બાકીના ૪૨ દિવસ એકાંતરે એકાસણા અને આયંબિલ મળી આ રીતે તપ આરાધના થશે.

# કચ્છના બંદરીય શહેર માંડવી નગરે સાધ્વી મહારાજ સાહેબોનો ચાતુર્માસ પ્રવેશ થયો





શુક્રવાર તા.૧૬ જુલાઈની શુકનવંતી સવારે પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી શ્રી અનંતયશાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અર્હમયશાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો કચ્છના બંદરીય શહેર માંડવી નગરે ધર્મમય માહોલમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓના સામૈયા સાથે થયો સંઘની નાની બાલિકાઓ એ પોતાની કૃતિ દ્વારા અંતરના ભાવ પ્રગટ કરી પૂજ્યશ્રીને આવકાર્યા હતા.



# પાકશાસ્ત્રમાં પારંગતતા ધરાવતા કાંતાબેન મોમાયા





ઘર પરિવારમાં નાનો મોટો પ્રસંગ હોય, ઘર નાનું હોય અને આવનાર મહેમાનો ઘણા હોય ત્યારે પ્રસંગ પાર પાડવાની ચિંતા સ્ત્રીવર્ગને હોય અને આવનારની સરભરામાં કોઈ ઉણપ ન રહે એનો પણ ખ્યાલ રાખવાનો હોય. અગાઉના સમયે મોટા ઘર હતા. સંયુક્ત કુટુંબ હતા. એટલે ઘરમેળે પ્રસંગો સારી રીતે ઉકેલી જતાં. પણ, હવે જમાનો બદલાયો છે. પહોંચતા પામતા પરિવારો પ્રસંગોપાત અનુકુળ રહે એ પ્રમાણે નાનો હોલ, બેન્કવેન્ટ હોલ કે કોઈ હોટલમાં વ્યવસ્થા કરી લે. બર્થ ડે પાર્ટી, રીંગ સેરેમની, સીંમત, નામકરણ વિધિ, બાબરી ઉતરાવવા જેવા પારિવારિક પ્રસંગો ઘરમેળે સાંકડ મૂકડમાં આટોપાઈ જાય પણ આ પ્રસંગે પધારનારાઓની ભોજન વ્યવસ્થા કરવી એ મોટી ચિંતાનો વિષય હોય છે.

કર્મશિયલ કેટરર્સ ૨૫ કે ૫૦ વ્યક્તિઓના જમણના ઓર્ડર લે નહીં. ત્યારે હજી જૂના પેઢીની માજીઓ કુશળતાપૂર્વક અને આપણા મેનૂ મુજબની આઈટમો ચૂટકીમાં તૈયાર કરી આપે છે.

સ્ત્રી સશક્તિકરણ અને આત્મ નિર્ભરતા જેવા શબ્દો આજે પ્રચલિત થયા છે. પણ જૂની પેઢીની સ્ત્રીઓ પોતાની પર આવી પડેલી જવાબદારીઓની સામે ઝિંક ઝીલવા વર્ષોથી આ ચીલો પકડ્યો છે. આમ એકલે હાથે પતિની સાથે સાથ પરિવારનું નિર્વાહ કરે છે.

હાલ મુલુંડ ઈસ્ટમાં રહેતા મૂળ સાંયરા કચ્છના ૭૮ વર્ષીય કાંતાબેન ચત્રભુજ મોમાયા એટલે સ્વાશ્રયી અને સ્વાવલંબી સ્ત્રી શક્તિનું પ્રતિક. સાંધવના મૂરબાઈ માલશી પત્રામલ લોડાયાના પુત્રી જે ૧૬ વર્ષની ઉંમરે ૩૫ વર્ષીય ડીમુબાઈ રાઘવજી મોમાયાના પુત્ર ચત્રભુજને વરીને ૧૯૫૯માં સાસરા ગૃહે પધારયા. બચપણ પાંચ બહેન અને ત્રણ ભાઈના પરિવારમાં કચ્છના ગામડામાં વિતાવનાર કાંતાબેન માત્ર પહેલું ધોરણ ભણેલ. પતિ ચીચબંદરમાં બી.વેલજી ટ્રાન્સપોર્ટમાં કામ કરતા હતા. રહેવાનું કોઈ ઠામ હતું નહીં એટલે ટ્રાન્સપોર્ટ ઓફિસમાં રહેતા હતા. પોતાનું ઘર હતું નહી એટલે પરણ્યા પછીના પાંચેક વર્ષ કાંતાબેન ભાઈ બહેનના ઘરે રહ્યાં. છેવટે ૧૯૬૫માં મુલુંડમાં કાચું ઘર ભાડેથી મળ્યું તેમાં ઘર સંસાર વસાવ્યો. પતિની કમાણી વધુ હતું નહીં. ભવિષ્યની ચિંતા સતત રહેતી હતી એટલે કંઈ કામ કરવું એવો નિર્ધાર કર્યો બે વર્ષની પુત્રીની સંભાળ રાખવાની હતી એટલે ઘરે બેઠાં જે કામ થઈ શકે એની પસંદગી હતી. અક્ષરજ્ઞાન માત્ર ૧ ચોપડી સુધીનું તે છતાં આજુ બાજુવાળાઓએ સલાહ આપી કે બાલમંદિર ચાલુ કરો. મુલુંડ ઈસ્ટમાં કોઈ બાલમંદિર નથી બાળકોને વેસ્ટમાં લઈ જવા પડે છે. મારાથી આ શું થઈ શકશે એ મોટો સવાલ હતો. પણ ડૂબતુ તરણું ઝાલે એ ન્યાયે તેઓએ બાલમંદિર શરૂ કરી. પચાસ વર્ષ પહેલા એક બાળકના માસિક રૂા.૩ ફી મળતી થઈ. આમ ચાલીસ વરસ આ કામ ખંતથી કર્યું.

ધીરે ધીરે બાળકોની સંખ્યામાં વધારો થયો. સવારના ૧૧ થી ૩ નો સમય બાળકોને શીખાડવામાં સંભાળવામાં જતો.

# પાકશાસ્ત્રમાં પારંગતતા ધરાવતા કાંતાબેન મોમાયા









વેકેશનની રજા હોય ત્યારે એ સમય દરમ્યાન મસાલા, અથાણા, પાપડ, વડી બનાવી વેંચતા. તેમના એકમાત્ર પુત્રી જયશ્રી પણ ટ્યુશન કરવામાં સાથ આપતી. પોતે ભણતી હતી ત્યારે મોટા ધોરણના બાળકોને પુત્રી શીખવતી. આમ સિંગલ રૂમમાં સંઘર્ષ સાથેની લડાઈ અથાક પણે શરૂ હતી. સારા અને સાચાઓને કષ્ટ આપવા માટે ભગવાન પણ પાછું વળી જોતો નથી એ ઉક્તિ ખરી પડતી હોય તેમ તેમના પતિ ચત્રભુજભાઈને અન્નનળીનું કેન્સર થયું. કેન્સર સામેનો જંગ અથાકપણે દસ વર્ષ સુધી ચાલ્યો. સારવારમાં જે કંઈ બચત હતી તે પણ બધી ખર્ચાઈ ગઈ ઉપરાંત ઘણું કરજ ચડી ગયું તો પણ વધુ આયુષ્ય મળ્યું નહીં અને અંતે તેમનું અવસાન થયું.




હવે તો એકલે હાથે મઝધારમાં ઝઝૂમવાનું હતું. મા દીકરી પુનઃ ટ્યુશન કરાવવામાં ખૂંપી ગયા. દીકરીના લગ્ન કરાવ્યા. તેનું ઘર બાજુમાં જ હતું એટલે તે કામમાં આધાર આપતી. માથે ચડેલું કરજ ચૂકવાઈ જવાય એ માટે ઘર હેલ્પર કામ માટે અમેરિકા ગયા. પણ અંગ્રેજી ભાષાનો વ્યવહાર અને કોઈ ઓળખીતો પાળખાતો ન હોવાને લીધે આખો દિવસ પસાર કરવો મુશ્કેલ ભર્યો થતો એટલે એક વર્ષનો કોન્ટ્રેક્ટ પૂરો કરી પાછા સ્વદેશ આવ્યા. ફરીથી બાળમંદિરનો આરંભ કર્યો. અંગ્રેજી મીડિયમાં ભણવાનું ચલણ વધતાં ગુજરાતી માધ્યમમાં ભણતા બાળકો ઘટતા ગયા. એટલે મજબૂરી વશ ૪૧ વર્ષ પછી બાળમંદિર બંધ કર્યું. સિંગલ રૂમમાં ભણવા માટે એક સમયે ૫૦ થી ૫૫ બાળકો આવતા નીચ બેસવાની જગા ન હોય તો પલંગ પર આઠ દસને બેસાડી ભણાવ્યા છે. બાળકો પણ સારા ને સમજુ કંઈ ફરિયાદ ન કરે. શીખવાડવામાં એટલું પ્રાવીણ્ય કે સ્કૂલના શિક્ષકો તેમને મળવા આવતા અને કહેતા તમારી પાસે ટ્યૂશન આવતા બાળકો હોંશિયાર અને સ્માર્ટ હોય છે. તેમના વાલીઓને અમારી શાળામાં અભ્યાસ માટે મોકલવાનું કહેજો અને એકવાર પ્રિન્સિપાલને મળવા આવવાનું કહેતા.

શાળામાં સ્કૂલ પ્રિન્સિપાલને મળવા જતા ત્યારે મોટા ભાઈનો તેમને ભણવાની સલાહ આપવાનો આગ્રહ યાદ આવતો. જો તેનું માન્યું હોત તો આજે આ કે આવી જ કોઈ શાળામાં તેઓ પણ શિક્ષિકા બની ભણાવતા હોત એ વિચાર આવી જ તો ને આંખમાં ઝળઝળિયા ફરી વળતાં. પણ ૪૧ વર્ષના ટ્યૂટર તરીકેના દીર્ઘકાળ દરમ્યાન જે વાલી તેમની પાસે ભણ્યા હતા તેમના બાળકોને પણ ભણાવ્યા. જૂના વિદ્યાર્થીઓ પણ પોતાના બાળકોને ભણાવવા લઈ આવતા ત્યારે તેમને કહેતા કે આ મારા પણ ટીચર છે એમ કહેતા ત્યારે શિક્ષિકા હોવાનું ગૌરવ થતું.

હવે જીવન નિર્વાહ માટે શું કરવું? બચપણમાં તેમને રસોઈ બનાવવાનો શોખ હતો. મોટા પરિવારમાં રહ્યા હોવાથી રસોઈ કામનો મહાવરો હતો. એટલે ઘરેથી ટિફિન બનાવવાનું શરૂ કર્યું. આમ ૬૮ વર્ષની વયે ફૂલ ફેઝથી અન્નપૂર્ણાનો અવતાર ધારણ કર્યો ટિફિન સાથે સાથે વેકેશનમાં અથાણા બનાવીને વેંચતા હતા જે પણ હવે વધુ વરાઈટીથી બનાવતાં

# પાકશાસ્ત્રમાં પારંગતતા ધરાવતા કાંતાબેન મોમાયા



જેમાં ગોળ કેરી, ખાટી કેરી, છુંદો, મુરબ્બો, મીઠા ગુંદા, ખાટા ગુંદા તે ઉપરાંત પરંપરાગત દેશી મીઠાઈઓ માં તેમની હથરોટી હતી. જેમાં ફિણીયા લાડુ, ગોળિયા લાડુ, ડારાનો શીરો, કાંટરાના લાડુ, મોહન થાળ, ગોળ પાપડી વિગેરે. ચાર દાયકા સુધી મા શારદાની ઉપાસના કરી હવે તેઓ મા અન્નપૂર્ણા, અન્ન લક્ષ્મીના સાધક તરીકે છે.

તેમનો સ્વભાવ ચીવટવાળો. ૭૮ વર્ષની ઉંમરે પણ રસોઈની આઈટમ્સ પોતાની રીતે જ બને એનો ખ્યાલ રાખે. પુત્રી મદદ કરે ત્યારે પણ રસોડામાં આવીને આંટો ફેરો કરી નજર નાંખે. જો તેમને કોઈ આઈટમ બનાવવામાં અધૂરપ લાગે તો પોતે સુકાન સંભાળે. સારી ગુણવતાવાળી વસ્તુઓ વાપરે અને પરફેક્શનમાં કોઈ કચાશ ચલાવી ન લે. એમના હાથે બનેલા થેપલા દુનિયાના કઈક દેશમાં પહોંચ્યા છે. ૧૫ વર્ષની ઉંમરે સંઘર્ષની શરૂ થયેલ આ જિંદગી ૬૩ વર્ષ થયા અવિરત જારી છે. ૭૮ વર્ષની ઉંમરે તેમનામાં થકાવટ નથી. નાનો હોય કે મોટો ઓર્ડર તેઓ હોંશે હોંશે ગ્રાહકના ઓર્ડર પૂરા કરે. જીવનભર સંઘર્ષના કારણે કોઈ વિત મુડી જમા નથી થઈ પણ સ્વાવલંબની પૂંજી તેમની ગાંઠે બાંધેલી છે. લોકડાઉનમાં પ્રવાસ, પર્યટન, શુભ પ્રસંગો બંધ હોતાં થોડી તકલીફ ભોગવવી પડી હતી પણ હોટલો બંધ હોતાં નાના મોટા ઓર્ડર મળતા થયા. દુકાનો બંધ હતી ત્યારે ટિફિન પણ બંધ થઈ ગયા હતા. પણ, હવે થોડા પ્રમાણ ટિફિન શરૂ થયા છે જેનો તેમને સંતોષ છે. ભણતર નહીંવત ભલે હોય પણ પાકશાસ્ત્રની પારંગતતા તેમના હાથની આંગળીઓના ટેરવે રહે છે.

બર્થ ડે પાર્ટી, સીમંત, સગાઈ જેવા નાના મોટા ઘરમાં થતા પ્રસંગો એ ૫૦ થી ૭૫ જણની રસોઈ આરામથી બનાવી સપ્લાય કરે છે. ગ્રાહક જે મેનુ આપે ગુજરાતી, કઠિયાવાળી, પંજાબી એ પ્રમાણે આઈટમો બનાવવામાં હથ રોટી ધરાવે છે. જૈન વાનગીઓ ઉપરાંત દરેક ગ્રાહકોની પસંદગી પ્રમાણે ભોજનની સ્વાદિષ્ટ આઈટમો તથા મીઠાઈ, ફરસાણ, નાસ્તા, અથાણા તેમની કુશળતા છે. પર્લ ટિફિન્સ એન્ડ કેટરીંગ નામ બ્રાંડથી તેઓ માર્કેટિંગ કરે છે. તેમની પાકકલાનો કસબ-માણવા જેવું છે. સંપર્ક : જયશ્રી શાહ -૯૯૮૭૭૫૬૯૩૫ , કાંતાબેન મોમાયા-૯૮૯૨૬૮૬૮૩૮

– રાજેન ચંદે 'ધૂની'


**વિડીયો જોવા માટે અહીં નીચે ક્લીક કરો**

**CLICK HERE**



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ઐતિહાસિક મહાતીર્થ જખૌ નગરે સાધ્વીશ્રી પાવનગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ થયો





કચ્છના અબડાસા પંથકની મોટી પંચતીર્થી પૈકીના ઐતિહાસિક તીર્થ નગરના જખૌ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી પાવન ગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે હર્ષ ઉલ્હાસના માહોલમાં થયો. સંઘના શ્રાવક, શ્રાવિકાઓના હૈયે વિશેષ આનંદ હતો. શ્રાવિકા બહેનોએ રંગબેરંગી બેડાં શિરે ઘરી અને વિવિધ તરહેની ગહુલી સર્જી ભાવપૂર્વક પૂજ્યોને આવકાર્યા હતા.

# દેવલાલી નગર સંઘમાં પ.પૂ.સાધ્વી મ.સા.નો ચાતુર્માસ અદ્‌ભૂત ઉત્સાહના માહોલમાં થયો



તા.૧૬ જુલાઈ શુક્રવારના દિને મહારાષ્ટ્ર પ્રદેશના નાસિક નગર પાસેના હિલ સ્ટેશન દેવલાલી નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષ નિધિશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ સંઘના શ્રાવક શ્રાવિકાના અદ્‌ભૂત ઉત્સાહ ઉમંગ ભાવ સાથે થયો. વરસાદી માહોલમાં શ્રાવિકા બહેનોએ ગહુલી રચી અને સુશોભિત બેડા શિરે ઘરી પૂજ્ય સાહેબોનો સામૈયું કર્યું હતું.





# શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા કેડીઓ જ્ઞાતિજનો માટે ફ્રી વેક્સિનેશન કેમ્પની તારીખો

શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ મુંબઈ દ્વારા સંચાલિત અનંત પથોલોજીકલ લેબ મુલુંડને તારીખ ૧૬ જુલાઈ ૨૦૨૧ના ચાર વર્ષ પુરા થઈ અને પાંચમાં વર્ષે પદાર્પણ કરે છે ત્યારે વિવિધ પેથોલોજીકલ ટેસ્ટમાં ડિસ્કાઉન્ટની સ્કીમ, વિવિધ હેલ્થ ચેકઅપ આવી ઘણી યોજનાઓ લઈને આવ્યું છે. ગત મહિનામાં જ લગભગ ૧૨૦૦ જ્ઞાતિજનોનું વેક્સિનેશન કરવામાં આવ્યું હતું. હવે ફરી એકવાર વેક્સિનેશન ડ્રાઇવ, જેમાં જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં મુલુંડ-ભાંડુપ અને ડોમ્બીવલી મધ્યે ફરી એકવાર જ્ઞાતિજનોને મફત વેક્સિનેશન આપવામાં આવશે એની તારીખો નીચે પ્રમાણે છે. શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ ઘણાં વર્ષોથી જ્ઞાતિજનોને રાહત દરે મેડિકલ વીમો અને તેમાં પણ સહાય આપી જ્ઞાતિજનોને મદદ કરે છે જરૂરિયાત મંદ જ્ઞાતિજનોને મેડિકલ ખર્ચમાં પણ સહાય આપે છે હમણાં જ કોવિડ પ્રોજેક્ટમાં શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટ અને અનંત નાથ ટ્રસ્ટનો સહયોગ લઇ અને કોવિડના દર્દીઓને નાણાકીય મદદ કરી મુઠી ઊંચેરું કાર્ય કર્યું છે.

વેક્સિનેશનની તારીખોનું લિસ્ટ : શનિવાર, તા.૨૪ જુલાઈના ભાંડુપ, શનિવાર, તા.૨૧ ઓગસ્ટના ભાંડુપ, શનિવાર, તા.૨૫ સપ્ટેમ્બરના ભાંડુપ, રવિવાર, તા.૨૫ જુલાઈના ડોંબિવલી, રવિવાર, તા.૨૯ ઓગસ્ટના ડોંબિવલી, રવિવાર, તા.૨૬ સપ્ટેમ્બરના ડોંબિવલી. જો એક સેન્ટરમાં એક જ તારીખના ૩૦૦ અને તેથી વધુ રજિસ્ટ્રેશન આવશે તો ત્યાં ઉપરોક્ત તારીખના ફ્રી વેક્સિનેશન કે.ડી.ઓ. જ્ઞાતિજનો આપવામાં આવશે.

# ખાનદેશ પ્રદેશના ખામગામ નગરે સાધ્વી મહારાજ સાહેબોનો ચાતુર્માસ પ્રવેશ





તા.૧૬ જુલાઈ શુક્રવારના દિને મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રદેશના ખંતીલા ગામ ખામગામ નગર સંઘમાં દિર્ઘ સંયમી પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ની સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી વિરાગપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ મંગલ પ્રવેશ ભવ્યતાથી થયું.

પૂજ્યશ્રી સાહેબના ૫૦મા સંયમ જીવન વર્ષ પૂર્તિ નિમિત્તે શ્રીમતી ગીતિકાબેન જયેશભાઈ વિકમશી પરિવાર તરફથી ખામગામ સંઘને સુંદર રંગ રંગીલું ચંદરવું અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગ અવસરે ચાતુર્માસ દરમ્યાન સૂત્ર વાંચન અને કથા વાંચન વહોરાવાની બોલી, ગુરૂપૂજન અને કામળી ઓઢાળવાની બોલી, ચાતુર્માસ દરમ્યાન સમૂહ આરાધના અંતરીક્ષ તીર્થ શાંતિનાથ દાદા ચલ પ્રતિષ્ઠાની બોલી તથા શ્રી મહાલક્ષ્મી આરસ પદાણ નૂતન પ્રતિમા ચલ પ્રતિષ્ઠાની બોલી ચડતા ભાવથી થઈ હતી. ચાતુર્માસ દરમ્યાન થનાર તપસ્યા અને કાર્યક્રમની જાણકારી સૌને અપાઈ.



# ચીચબંદર સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૭૦મા જન્મવર્ષ અવસરની ઉજવણી કરાઈ

તા.૧૫ જુલાઈ ગુરૂવારના ભાત બજાર ચીંચબંદર સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૭૦મા જન્મ વર્ષ પ્રસંગની ઉજવણી ગુરૂવંદના ભક્તિથી કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ અવસરની ઉજવણીમાં સહભાગ લઈ ધન્યતા અનુભવી હતી.







# શ્રી કે.ડી.ઓ.જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ પ્રસ્તુત મસ્તીની પાઠશાળામાં બાળકોને જોડવા આહવાન

શ્રી કે.ડી.ઓ.જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ મુલુંડ દ્વારા વર્ષ ૭ થી ૧૨ ઉંમર વયના બાળકો માટે દર શનિવારે સાંજે ૫ થી ૬.૩૦ સુધી વિવિધ જ્ઞાનવર્ધક પ્રોજેક્ટની માહિતી તેમજ શિક્ષણ અપાય છે. જે માટે પહેલેથી રજિસ્ટ્રેશન કરાવું જરૂરી છે.

તા.૧૩ જુલાઈના સ્ટોરી સ્કોપ સ્ટુડિયો તથા તા.૩૧ જુલાઈના ગ્લુઈટ અપ વિષય છે. એક બેચમાં ત્રીસ બાળકોનું રજિસ્ટ્રેશન થશે. રજિસ્ટ્રેશન માટે રીના લોડાયા-૯૯૨૦૬૫૭૭૬૪, હીના મૈશેરી-૯૮૨૦૬૨૧૮૮૦



## અધ્યાત્મયોગી સાધના સમ્રાટ પૂ. મહારાજ સાહેબનો યુટ્યૂબ પર મંગલમય વ્યાખ્યાન

ભાંડુપ સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન અધ્યાત્મયોગી સાધના સમ્રાટ પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. દ્વારા પ્રભાવી, સરળ શૈલી વાક્મય વાણીથી સીમંધર સ્વામિ સાલંબન (S3) મેડિટેશન વિષે ૩૩.૩૫ મિનીટનો વ્યાખ્યાન યુટ્યુબ લીંક https://youtu.be/BhrH-17pH6k ઉપર ઉપલબ્ધ છે. જે સૌ શ્રાવક શ્રાવિકાઓએ જરૂર શ્રવણ કરવું જોઈએ. તો ઘર બેઠા આ ધર્મમય વ્યાખ્યાનનો લાભ સૌ લે એ ભાવ સાથે જય જિનેન્દ્ર.

## શ્રી નાલાસોપારા જૈન સંઘના સમાચારી પાલન કરનાર સાધર્મિકની નામાવલી તૈયાર કરવા માટે સૂચના

શ્રી નાલાસોપારા સ્ટેશન અચલગચ્છ જૈન સંઘ તથા સંઘ માતા જયાબેન વિશનજી પાલણ મારૂ ચેરિટેબલ નાલાસોપારા (પૂર્વ) નિવાસ અચલગચ્છની સમાચારી પાલન કરનાર સૌ સાધર્મિકની નામાવલી માટે નીચે પ્રમાણે માહિતી વહેલી તકે ભરીને મોકલવા વિનંતી સંઘના ટ્રસ્ટીઓ દ્વારા કરાઈ છે. જેથી સંઘમાં કાર્યક્રમો અને સેવાઓની જાણ તેઓને થઈ શકે.

૧) ઘરના વડીલનું નામ ૨) ગામ ૩) રહેઠાણનું સરનામું ૪) અન્ય સભ્યોના નામ, જેન્ડર અને વોટસએપ ફોન નંબર.

આ માહિતી બે દિવસમાં ભરીને નીચે આપેલ નંબર ઉપર મોકલવા વિનંતી. આ માહિતીની જાણ આસપાસના અન્ય અચલગચ્છીય ઘર પરિવારમાં જાણ કરવા માહિતી મોકલવા માટે રાજ હેમંત દેઢિયા-૮૬૬૮૪૦૬૮૭૭

## ભાંડુપ સંઘમાં ૪૪ દિવસની રિધ્ધિ, સિધ્ધિ, સમૃધ્ધિ, સમાધિદાયક શ્રી ભક્તામર સંપુટ સાધનામાં જોડાઈ સૌ લાભ લે

ધ્યાન યોગ ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના પરમ સાંનિધ્યમાં ભાંડુપ સંઘમાં તા.૧૬ જુલાઈ શુક્રવારથી ૪૪ દિવસની રિધ્ધિ, સિધ્ધિ, સમૃધ્ધિ સમાધિદાયક શ્રી ભક્તામર સંપુટ સાધના પ્રારંભ થઈ છે. આ ફક્ત સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ સુદી એક કલાક માટેની છે. મહાપ્રભાવશાળી, જીવનની આધિ, વ્યાધિ, ઉપાધિ વિનાશક, સર્વ મનોકામના પૂરણ, સંકટ પૂરણ આ અલૌકિક આરાધના ૪૪ દિવસ સૌ ઘર બેઠાં ઓનલાઈન યુટ્યુબના માધ્યમથી જરૂર કરે. ભાગ્યને સંવારી સૌભાગ્યમય બનાવનારી આ સાધના આપ પણ કરો અને અન્યોને આમાં જોડો.

પ્રતિ દિવસની સાધનાની લીંક જાણવા મનોજભાઈ-ભાંડુપના ૯૮૩૩૦૩૯૯૮૦નો સંપર્ક કરવું.

## નાલાસોપારા (ઈસ્ટ) સંઘમાં સાધ્વી મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ

મુંબઈ મહાનગરના વેસ્ટર્ન રીજન લાઈનમાં નાલાસોપારા (ઈસ્ટ) સંઘમાં પ.પૂ.સાધ્વીજી શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા-૨નું ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે ઉત્સાહપૂર્ણ માહોલમાં થયું.







| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# માનસિક ચિંતા, તાણ, હતાશાનો સચોટ ઈલાજ કાઉન્સિલર દ્વારા થશે



સુપ્રસિદ્ધ વિચારક વિકી સ્વિસન લખ્યું છે કે 'દુઃખ એ તો મહાસાગર છે. જેમાં તરંગો ઉઠે છે અને શમે છે. પાણી નિરંતર વહેતું રહે છે. તે ક્યારે શાંત હોય તો ક્યારેક જબરદસ્ત ઉછાળા મારે છે. આપણે તો ફક્ત તરીને તેને પાર કરી શકીએ છીએ તેને મહાત કરી શકીએ.'

આ વિચારને પકડીને જોઈએ તો કોવિડ કાળનો લાંબો સમયમાં અનેક જણોને પ્રિયજનોની ખોટને લીધે પીડા અને દુઃખથી અસંખ્ય પરિવારો કારમા દુઃખ સાથે નિરાશા અને લાચારી ભાવનો સામનો કરી રહ્યાં છે. આપણે જોઈ શકીએ છીએ કે આપણી આસપાસમાં ચિરપરિચિત લોકો માતા, પિતા, બાળકો, મિત્રો, પડોશીઓ, સગા-સંબંધીને સ્વજનોના અચાનક નિધનની પડેલ ખોટ પર શોક ને અફસોસ કરે છે અને સતત હતાશા, નિરાશા અનુભવે છે કે ઓચિંતા આ બધું થઈ ગયું, આંખો સામે આ સર્વે થયું ને આપણે કંઈ ન કરી શક્યા. પૈસા, પ્રયત્નો ઘણા કર્યા પણ છેવટે હતાશા હાથ આવી.

આવા સમયકાળનો રસ્તો શું? અનેકોના મન મસ્તિક પર પડેલા રૂઝ મટાડવાનો ઉપાય શું? તો એ માટે પોતાની જાતને ઓળખવામાં મદદ મળે એ માટે pehechaan તમારી જાતને ઓળખવામાં મદદ કરવા માટેનું મિશન એટલે કે ગ્રુપ થેરેપી સત્ર શરૂ થઈ રહ્યાં છે. જેમાં હતાશા, નિરાશા, હિણપત ભાવને લીધે દુઃખદ પરિસ્થિતિમાં પસાર થઈ રહેલ કોઈપણ જ્ઞાતિજન માટે આ થેરેપી સત્ર નિઃશુલ્ક છે. જેમાં જોડાવવાની લિંક https://docs.google.com/forms/d/e/1FAIpQLSe6ah4NuHlMwPoKseWbQhZmQO--QVT8IaJ3ABmtrrOrJOujCQ/viewform?usp=sf_link પર નોંધણી કરાવી શકો છે. નોંધણી માટેની છેલ્લી તા.૨૫ જુલાઈ રવિવાર વધુ વિગત માટે સંપર્ક ૯૫૯૧૨૭૯૦૩૬ ઈમેલ કરી મેસેજ મોકલાવી શકો છો pehechaancounselling@gmail.com તથા http://www.facebook.com/pehechaan

કોરોના સમયના કપરા કાળમાં સ્ટ્રેસ અનુભવતા જ્ઞાતિજનોને મદદે એક્સ્પર્ટ સ્ટ્રેપ્સ હીલર કાઉન્સિલર અલ્પાબેન ગૌતમ ધરમશી કોઠારા-બેંગ્લોર મન, મગજમાં જે ભય, હાઉ, બીક, હતાશા, હીણપત ભાવની લાગણી ઘર કરી ગઈ હોય તે કાઉન્સિલિંગથી તેનો સચોટ ઈલાજ કરે છે. તો, આવો જ્ઞાતિજનો દવા, ઓપરેશન વગર માનસિક બિમારીના બોજથી મુક્ત થવા.

# નિર્દોષ અબોલ જીવોની સદ્‌ગતિ માટે ૭૮૦૦ આયંબિલ તપ આરાધના માટે અચલગચ્છાધિપતિશ્રીની અપીલ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના નેજા હેઠળ નિર્દોષ જીવોની હિંસા કરનારાઓને સન્મતિ મળે તથા બિના વાંકે મૃત્યુ મુખમાં હોમાનારા નિર્દોષ એવમ અબોલજીવોને સદ્‌ગતિ મળે એ ભાવના સાથે સમસ્ત જૈન સમાજ અષાઢ સુદ ૧૩ બુધવાર તા.૨૩ જુલાઈના આયંબિલ કરે એ પ્રેરણા ૭૮મા પટ્ટધર, સૌમ્ય સ્વભાવી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની મહાન મનોકામના અનુસાર ભારતભરના વિશાળ જૈન સમુદાયને અપીલ છે.

અહો કરૂણા સાગર પરમાત્મા સવી જીવ કરૂં, શાસન રસીની સર્વોત્કૃષ્ટ ભાવના. સહુજીવો સુખી બને તેવી ધર્મ પ્રેરણા, ધર્મ પુરૂષાર્થ, છતાં અજ્ઞાનવશ જીવો પાપ કરતા હોય. ધર્મને નામે હિંસાદિ અધર્મ કરતા હોય અને તેમને રોકવા આપણે કશું જ ન કરી શકતા હોઈએ તો છેવટે માધ્યસ્થ ભાવે એ હિંસક આત્માઓ માટે શુભભાવના ભાવીએ કે એમન સન્મતિ મળે. કરૂણા ભાવે એ મરનારા જીવો માટે શુભભાવના ભાવીએ કે એમને સદ્‌ગતિ મળો.

આ ભાવનાને સુક્ષ્મ બળ પ્રદાન કરવા એક આયંબિલ બુધવાર તા.૨૧ જુલાઈ બકરી ઈદના દિને ભારતભરના વિશાળ જૈન સમુદાય માટે ૭૮૦૦ આયંબિલની અપીલ બહુ જ નાની કહેવાય. આજે જ આપના સંઘમાં આયંબિલ ખાતામાં આપનું નામ નોંધવા વિનંતી. જ્યાં આયંબિલ ખાતા નથી ત્યાં સ્વઘરે આયંબિલ કરવા. આ મેસેજ દરેક સંઘમાં બિરાજમાન પૂ.શ્રમણી, શ્રમણી ભગવંતોને પહોંચાડી તથા વ્યાખ્યાન આદિમાં પ્રચાર કરવા તથા આ મેસેજ આપના દરેક ગ્રુપમાં ફોરવર્ડ કરવાની વિનંતી શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા અપીલ કરાઈ છે.

# નલિયા તીર્થ સંઘમાં મહારાજ સાહેબોનું ચાતુર્માસ પ્રવેશ થયો



તા.૧૭ જુલાઈ શનિવારના અબડાસા પંથકની પંચતીર્થીના ભવ્યનગર એવા નલિયા તીર્થ સંઘમાં પ.પૂ.મુનિશ્રી પુણ્યોદયસાગરજી મ.સા. તથા પ.પૂ.અનંતરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાનો ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો.

જ્ઞાતિ શિરોમણિ શેઠશ્રી નરશીનાથા દ્વારા સંવત ૧૮૯૦માં સ્થાપિત શ્રી ચંદ્રપ્રભુ તથા શાંતિનાથજી જૈન દેરાસરના દર્શન ભાવનો ઉમળકો સૌને હૈયે અઢળક હોય છે. ચાતુર્માસની ધર્મ આરાધનાઓથી જિનાલય સતત ગુંજશે.











# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકામાં મહાકાય સિમેન્ટ ઉદ્યોગ અઢી દાયકા પૂર્વે આગમન થયું ત્યારે રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે અને કંપનીઓ દ્વારા પર્યાવરણનું જતન થશે એવી આશા થઈ હતી. હવે એનાથી વિપરીત પરિસ્થિતિનું નિર્માણ હોવાની સમગ્ર વિસ્તારની ફરિયાદ થઈ છે. જાડવા ગામે સિમેન્ટની ડસ્ટ ઉડવાના કારણે ઘણા બધા લોકો કેન્સર બિમારીનો ભોગ બનતા હોવાનું નોંધાયું છે. જંગલોમાં સિમેન્ટની રજ વાળું ઘાસ આરોગવાથી પશુઓ પણ વખતો વખત મૃત્યુ પામી રહ્યાં હોવાનું જણાવ્યું છે. ખેતરો ઉપર સિમેન્ટની ઝીણી રજ ઉડવાથી ખેતી વ્યવસાયને ગંભીર ફટકો પડ્યો છે.

● ઈન્ડિયન ગ્રીન ઈન્સ્ટ્રીયલ બિલ્ડીંગ કાઉન્સિલ (આઈ.જી.બી.સી.) દ્વારા કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને દેશનું પ્રથમ ગ્રીન ઈન્ડસ્ટ્રીયલ સિટી તરીકેનો એવોર્ડ જાહેર કરાયો હતો. કંડલા સેઝમાં પર્યાવરણ સંવર્ધન માટે લેવાયેલા પગલાને ધ્યાનમાં લઈને પર્યાવરણ દિને આ જાહેરાત કરાઈ હતી. ગ્રીન માપદંડમાં પ્લેટિનમ સ્તરના પ્રમાણપત્ર માટે પાણી, ઉર્જા, વેસ્ટ, ઈ ગવર્નન્સ, ગ્રીન કવર સહિતના મુદ્દાને ધ્યાને લેવામાં આવ્યા હતા. અત્રે પ્રથમ વખત મિયાવાકી પધ્ધતિથી વૃક્ષ ઉછેરની પહેલ કરવામાં આવી હતી અને ૧૦ લાખ વૃક્ષ વાવેતરના સંકલ્પ સાથે નોંધપાત્ર સંખ્યામાં વૃક્ષારોપણ થઈ ચુક્યું છે. અત્રે હર્બલ ગાર્ડન, પુષ્પવાટિકા, નક્ષત્રવન, અમૃતવાટિકા, નીલગીરી ઉપવન, ગુરૂનાનક ફોરેસ્ટ સહિતના ઉપવનો વિકસિત કરવામાં આવ્યા છે. પ્રદુષણ મુક્ત બનાવવા નો હોર્ન ઝોન તથા સાઈકલના વપરાશને પ્રાધાન્ય આપવા પગલાં લેવાયા છે.

● ભચાઉ તાલુકાના ખડીર મહાલના ધોળાવીરા ખાતે ભારતીય પુરાત્વ ખાતાએ શોધેલી હડપ્પન સાઈટને પેરિસ ખાતે 'યુનેસ્કો'ની ઉચ્ચ સ્તરીય બેઠકમાં 'વર્લ્ડ હેરિટેજ'નો દરજ્જો આપવાનો નિર્ણય લઈ લેવામાં માત્ર ખડીર કે ધોળાવીરા જ નહીં પરંતુ આખે આખા પૂર્વીય કચ્છના પ્રવાસનો સૂર્ય ઝળહળી ઉઠે તેવી સંભાવનાઓ ઊભી થઈ છે. ધોળા વીરા હડપ્પન સાઈટને હજુ સતાવાર વૈશ્વિક વિરાસત શ્રેણીમાં સમાવવાની સતાવાર જાહેરાત થઈ નથી પણ માત્ર એ સૈદ્ધાંતિક જાહેરાત બાકી હોવાથી તેની કાગડોળે રાહ જોવાય છે. આ હડપ્પન સાઈટમાં ઈજનેરી કૌશલ્ય પાંચ હજાર વર્ષ પહેલાં એવું બનાવાયું હતું કે પાણીનું એક ટીપું પણ વેડફાય નહીં.

● અબડાસા તાલુકાના ઐતિહાસિક તેરા ગામનો સમાવેશ હેરિટેજ વિલેજ તરીકે થયો છે પણ ગામમાં આવેલી ઐતિહાસિક ધરોહરની જાળવણી માટે કોઈ વ્યવસ્થા ન હોતા હવે પુરાત્વીય સ્થળો વેરણછેરણ થઈ ગયા છે. એટલું જ નહીં એને જોવા આવતા પ્રવાસીઓ માટે કોઈ સગવડ ન હોતાં ભાગ્યે જ કોઈ પ્રવાસી તેરા ગામ નિહાળવા આવે છે. સાત કરોડની ગ્રાન્ટમાંથી ૫૪ લાખના કામો થયાં છે તે પછી કોઈ કામો હાથ ન ધરાતા ત્રણ તળાવ ધરાવતું તેરા ગામ પોતાની ઓળખ ગુમાવી રહ્યું છે.

● ડોંબિવલી ખાતે કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ સહયોગથી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ આયોજિત મેડિકલ કેમ્પમાં બ્લેક ફંગસની ચકાસણી કરવામાં આવી હતી. થાણા જિલ્લામાં આવો પ્રથમ કેમ્પ યોજાયો હતો. કુલ્લ ૬૭ દર્દીઓની તપાસણી વિનામૂલ્યે કરાઈ હતી. જેમને કોરોના થયો હોય એવા લોકોને બ્લેક ફંગસ થઈ શકે છે. આથી આ પ્રકારના જ્ઞાતિબાંધવોને કેમ્પમાં તપાસાયા હતા. અલબત કેમ્પમાં આવો એક પણ રોગી જણાયો ન હતો.

# ભાંડુપ સંઘ નગરે ૧૩ સંઘોના કર્મચારીઓ સાથે પાઠશાળાની શિક્ષિકા બહેનોનું બહુમાન કરાયું





તા.૧૨ જુલાઈ સોમવાર રોજે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપમાં પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં ભાંડુપ નગરના ૧૩ સંઘોના સેવક કર્મચારીઓ અને પાઠશાળાની શિક્ષિકા બહેનોનું બહુમાન કરવામાં આવ્યું. લાભાર્થી પરિવાર અરૂણાબેન પ્રતાપ મોતા હસ્તે આરના પ્રિન્સ મોતા રાયધણજરવાળા પરિવારએ લીધેલ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લાલજી મૈશેરી**
તા.૧૧ જુલાઈ (ઉ.૯૧)
જખૌ-બેંગલોર



**પુષ્પાબેન લાપસીયા**
તા.૧૧ જુલાઈ (ઉ.૮૪)
દલતુંગી-બેંગલોર



**નવલબાઈ લુઢિયા**
તા.૧૨ જુલાઈ (ઉ.૮૪)
રાયધણજર-ઘાટકોપર



**કુલીનકાંત લોડાયા**
તા.૧૪ જુલાઈ (ઉ.૫૮)
આરીખાણા-ગાંધીધામ



**મુલજી શાહ**
તા.૧૪ જુલાઈ (ઉ.૯૪)
બાયઠ-વડાલા



**પ્રવિણભાઈ લોડાયા**
તા.૧૬ જુલાઈ (ઉ.૭૬)
બાંડીયા-વડોદરા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA